તાપમાન
મહત્તમ : ૩૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૪૨ | ૧ ઓગસ્ટ, ૨૦૧૬, સોમવાર ; અષાઢ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મોનસુન ધમાકા : કર્મચારીઓને સાતમું પગાર પંચ

## કેન્દ્રના ધોરણે સાતમાં પગાર પંચનો ૧લી ઓગસ્ટથી જ રાજ્ય સરકારના કર્મચારીઓને લાભ આપવાની મુખ્યમંત્રી આનંદીબેનની જાહેરાત

## રાજ્યના ૪.૬૫ લાખ કર્મચારીઓને ૪.૧૨ લાખ પેન્શનરોને લાભ મળશે : સમગ્ર કર્મચારી આલમમાં આનંદ-ઉલ્લાસનો માહોલ

ગાંધીનગર, તા. ૩૧

કેન્દ્રના ધોરણે રાજ્યના કર્મચારીઓને આગામી ૧લી ઓગષ્ટ-૨૦૧૬થી સાતમા પગાર પંચનો લાભ આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

કેન્દ્ર સરકારે સાતમા પગાર પંચનો સ્વિકાર કરીને ૧-૧-૨૦૧૬થી તેનો અમલ કરવાનો નિર્ણય કર્યો હતો. કેન્દ્રના આધારે ગુજરાતના કર્મચારીઓને પણ સાતમાં પગાર પંચનો લાભ આપવાનો નિર્ણય ગુજરાતના મુખ્યમંત્રીએ કર્યો છે.

ગુજરાતના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ ૧લી ઓગષ્ટ-૨૦૧૬થી આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. સાતમા પગાર પંચનો લાભ રાજ્યના ૪.૬૫ લાખ કર્મચારીઓને મળશે. જ્યારે ૪.૧૨ લાખ પેન્શનરોને પણ આ લાભ મળશે.

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સાતમા પગાર પંચની ભલામણોનો ગુજરાતના મુખ્યમંત્રીએ સ્વીકાર કરીને રાજ્યના કર્મચારીઓને પણ આ લાભ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે સાતમા પગાર પંચનો લાભ આગામી ૧લી ઓગષ્ટથી આપવાના કરેલા નિર્ણયથી રાજ્યના કર્મચારીઓમાં આનંદની લાગણી ઉઠવા પામી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સાતમા પગાર પંચના કારણે રાજ્ય સરકાર ઉપર અંદાજે પાંચ હજાર કરોડનો બોજો પડશે.

કર્મચારી મંડળો રાજ્ય સરકાર પાસે માંગણી કરે, સમિતિઓ નિમાય અને મંત્રણાઓ થાય આ તમામ પ્રક્રિયાઓ ટાળીને આનંદીબેને હિંમતપૂર્વક જાહેરાત કરતા કર્મચારી મંડળોમાં આનંદની લાગણી પ્રસરી છે.



## ફીક્સ પગારના કર્મચારીઓના મામલે આજકાલમાં જાહેરાત

ગાંધીનગર, તા. ૩૧

રાજ્ય સરકારના ફીક્સ પગારના કર્મચારીઓનું ભાગ્ય પણ આજકાલમાં પલ્ટાશે. છેલ્લા પાંચ વર્ષથી ફીક્સ પગારના કર્મચારીઓનો અટવાયેલો પ્રશ્ન સુપ્રીમ કોર્ટના દરવાજે પહોંચ્યો હતો. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટની દરમિયાનગીરી છતાં પ્રશ્ન હજુ નિર્ણયની રાહ જુએ છે. રાજ્યના બદલાતી રાજકીય અને વહીવટી પરિસ્થિતિને નિહાળતા ફીક્સ પગારના કર્મચારીઓનો નિર્ણય આજે અથવા કાલે આવી જશે.

છેલ્લા બે દિવસથી મુખ્યમંત્રી આનંદીબેન પલ્ટાયેલી પરિસ્થિતિને નિયંત્રીત કરવા અને કેટલીક લાભદાયી જાહેરાતો કરી પ્રજામાનસમાં ભાજપ સરકાર માટેની છાપ બદલવા માગે છે. મુખ્યમંત્રીનો લડાયક મીજાજ બે દિવસથી જનમાનસમાં ચર્ચાની એરણે છે. ટોલટેક્ષ માફી બાદ સાતમા પગાર પંચના અમલની જાહેરાતથી કર્મચારી આલમને ખુશ કર્યા બાદ હજુ ત્રણ દિવસ વધુ વર્ગો માટેની લાભદાયી જાહેરાતો થવાની શક્યતા વર્તાઈ રહી છે.



## મૃત ઢોર નહિ ઉપાડવાના દલિતોના શપથ

### ઉના કાંડના આરોપીઓ સામે પાસાના પગલા ભરવા મહાસંમેલનમાં માંગણી કરાઈ

ગાંધીનગર, તા. ૩૧

ઉનાના સમઢિયાળ દલિત આત્યાચાર મામલે યોજાયેલા મહાસંમેલનમાં ઉમટેલા દલિતોએ રાજ્યમાંથી મૃત ઢોર નહિ ઉપાડવાના તથા ગટરમાં નહિ ઉતરવાના શપથ લઈ રાજ્ય સરકાર સામે લડતનું રણશીંગુ ફુક્યું હતું.

ઉના કાંડના આરોપીઓ સામે પાસાના પગલા ભરવા માટેની ઉગ્ર માંગણી આજે અમદાવાદ ખાતે મળેલ દલિતોના મહાસંમેલનમાં કરવામાં આવી હતી અને ૫મી ઓગષ્ટથી ૧૫મી ઓગષ્ટ દરમ્યાન અમદાવાદથી ઉના પદયાત્રા કાઢી ૧૫મીએ ઉના ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે.

ઉનાના મોટા સમઢિયાળાના દલિત યુવાનો પર અત્યાચારની બનેલી ઘટનાના ઘેરા પ્રત્યાઘાત ગુજરાતથી દેશની સંસદ સુધી પડવા પામ્યા હતા. આ ઘટનાને પગલે દલિતોમાં રોષ ઉઠવા પામ્યો હતો અને ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો પણ કરવામાં આવ્યા હતા.

ઉના કાંડ સંદર્ભે આજે અમદાવાદના આચેર ખાતે દલિતોના વિવિધ સંગઠનો દ્વારા એક મહાસંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં દલિત લોકો જોડાયા હતા.

આ મહાસંમેલનમાં દલિતો દ્વારા કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા હતા. અને કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં આગામી પાંચમી ઓગષ્ટથી અમદાવાદથી એક પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રા ૧૪મી ઓગષ્ટે ઉના પહોંચશે અને ૧૫મી

● અનુસંધાન પાન-૭ પર

## પાટીદાર આંદોલન સંદર્ભમાં ૯૦ ટકા પોલીસ કેસો પરત ખેંચાયા

### સમીક્ષા બેઠકમાં સમીક્ષા કરીને ૪૩૮ કેસો પૈકી ૩૯૧ કેસો પરત ખેંચાશે

ગાંધીનગર, તા.૩૧

અમદાવાદ ખાતે યોજાયેલ કાર્યક્રમ બાદ પાટીદાર આંદોલનમાં મોડી સાંજ થી રાત્રી સુધી કેટલાક તોફાની તત્વો દ્વારા હિંસાનો આશરો લઈ પથ્થરબાજી, જાહેર મિલ્કતોને આગ અને મોટા પાયે નુકશાન પહોંચાડવાના રાજયવ્યાપી બનાવો બન્યા હતા.

તત્કાલિન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અંકુશમાં લેવા પોલીસ તંત્ર દ્વારા તોફાની તત્વો સામે કડક હાથે કામ લેતા કેટલાક તોફાનીઓની ધરપકડ કરીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા એફઆઈઆર રજીસ્ટર કરવામાં આવી હતી.

પાટીદાર સમાજ દ્વારા આ અંગે ઉગ્ર રજૂઆતો કરતા રાજય સરકારે તેમની લાગણીઓ પ્રત્યે હમદર્દી દાખવીને જયાં પોલીસ કેસો નોંધાયા છે તેની સમીક્ષા કરવા ખાત્રી આપી હતી.

રાજય સરકારે આપેલા આ વચનને પરિપૂર્ણ કરવા મુખ્યમંત્રીશ્રીએ મક્કમતા દાખવીને વખતો વખત વિભાગીય કક્ષાએ અને તેમની કક્ષાએ સમીક્ષા બેઠકનું આયોજન કર્યું હતું. છેલ્લી સમીક્ષા તા.૨૯-૭-૧૬, શુક્રવારના રોજ કરીને સંપૂર્ણ સહાનુભૂતિ પૂર્ણ વિચારણા કરવામાં આવેલ છે.

માન.મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા પાટીદાર આંદોલન દરમ્યાન થયેલ કેસો બાબતે ઘનિષ્ઠ સમીક્ષા કરીને તેમની સામે દાખલ થયેલા વિવિધ નોંધાયેલા ગુના પૈકી લગભગ ૯૦ ટકા કેસો પરત ખેંચવાનો ખૂબ જ સંવેદનશીલ નિર્ણય વ્યકત કરેલ છે.

કેસો અંગેની પરિસ્થિતિની સમીક્ષા કરતા તેઓએ અગાઉ પરત ખેંચાઈ ગયેલ ૧૫૫ કેસોની જાણકારી પ્રાપ્ત કરીને શુક્રવારની બેઠકમાં વધુ ૫૪ કેસો પરત ખેંચવા વહીવટી તંત્રને આદેશ આપેલ છે.

અત્યાર સુધીમાં રાજય સરકારે આ ૫૪ કેસો સાથે ૨૦૯ કેસો પરત ખેંચવાનો નિર્ણય લીધેલ છે.

જયારે ત્રીજા તબકકામાં તેઓએ ૧૮૨ કેસો પરત ખેંચવા અંગે તાત્કાલિક કાર્યવાહી કરવા ગૃહ વિભાગને સૂચનાઓ આપેલ છે. આમ કુલ નોંધાયેલ ૪૩૮ કેસો પૈકી લગભગ ૩૯૧ જેટલા કેસો પરત ખેંચીને ૯૦ ટકા કેસો બંધ કરવાનો નિર્ણય સમગ્ર પાટીદાર સમાજની સંવેદનાને વાચા આપતો સંવેદનશીલ નિર્ણય તેમના હિતમાં લીધેલ છે.



આજે લોકમાન્ય તિલકની પુણ્યતિથિ : 'સ્વરાજ મારો જન્મ સિદ્ધ હક્ક છે' આ ગગન ભેદી નારો આપી સ્વતંત્ર સંગ્રામ માં જોમ પૂરું પાડનાર લોક માન્ય તિલકની આજે પુણ્યતિથિ છે. ત્યારે આ મહાન વિભૂતિના અમદાવાદ ખાતે ના સંસ્મરણો ની વાત ખરેખર હૃદયસ્પર્શી છે. અંગ્રેજ સાશન દરમિયાન તિલકના મૃત્યુ પછી ૧૯૨૮ માં મ્યુનિ ના પ્રમુખ તરીકે સરદાર પટેલે તેમની પ્રતિમા વિક્ટોરિયા ગાર્ડન માં પ્રસ્થાપિત કરવાનો નિર્ણય કર્યો. અલબત્ત 'સ્વરાજ મારો જન્મ સિદ્ધહક્ક છે' જેવું અંગ્રેજ વિરુદ્ધ સ્લોગન સાથેની આ પ્રતિમા અહીં સ્થપાય તેવું અંગ્રેજ સાશકોને હરગીઝ મનજુર નહતું. આવા સન્જોગોમાં અંગ્રેજો ના દબાણ ને ગણકાર્યા વગર સરદારે તેમની રાજકીય કારકિર્દી દાવે લગાવી તિલક ની પ્રતિમા વિક્ટોરિયા ગાર્ડનમાં પ્રસ્થપિત કરાવી અને ખુદ મહાત્મા ગાંધી એ પ્રતિમાનું અનાવરણ ૨૮-૨-૧૯૨૯ ના રોજ કર્યું. તો અન્ય દ્રશ્યમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં આવેલો એ ખણ્ડ છે જ્યાં સ્વતંત્ર સઁગ્રામ દરમિયાન ધરપકડ કરાયાબાદ તિલકે અહીં ૨૩-૭-૧૯૦૮ થી ૧૩-૯-૧૯૦૮ સુધી કારવાર ભોગવ્યો હતો જોગાનું જોગ તેમના જેલપ્રવેશ ની તારીખે તેમની ૫૩ મી વર્ષગાંઠ હતી. સાબરમતી જેલમાં આજેપણ તિલકજીના કારવારની આ વિગત તકતી માં કંડારાયેલી છે.

## દલિત અત્યાચાર વિરોધમાં ઝેરી દવા પીનાર યુવાનનું મોત નિપજ્યું

### અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોત થયું : દલિત અત્યાચારના વિરોધમાં ૨૦ જુલાઈએ ધોરાજીના યુવાને ઝેરી દવા પીધી હતી

અમદાવાદ,તા. ૩૧

ઉનામાં દલિત યુવાનો ઉપર કરવામાં આવેલા અત્યાચારને લઈને વિરોધ પ્રદર્શન જારી છે ત્યારેથોડાક સમય પહેલા ઝેરી દવા પી લેનાર યુવાનનું આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોત થતાં ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. દલિત અત્યાચારના વિરોધમાં આ યુવાને ૨૦મી જુલાઈના દિવસે ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

ધોરાજીના મોટીપરબડી ગામના આ યુવાનને સારવાર અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ૨૫ વર્ષીય દલિત યુવાન યોગેશ હિરાભાઈ સારીખડાએ ૨૦મી જુલાઈના દિવસે ધોરાજીના ગેલેક્ષી ચોકમાં જાહેરમાં જ ઝેરી દવા ગટગટાવી દીધી હતી. તેને સારવાર અર્થે સૌથી પહેલા ધોરાજી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ત્યારબાદ વધુ સારવાર માટે જુનાગઢની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જો કે તેની કિડની અને લીવર ઉપર ઝેરી દવાની માઠી અસર થઈ હતી જેના લીધે તેને રાજકોટ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. તબિયત વધારે ખરાબ થયા બાદ તેને મોડી રાત્રે ત્રણ વાગે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો પરંતુ આજે વહેલી સવારે તેનું મોત થયું હતું. યોગેશના પિતા દલિત સમાજના અગ્રણી નેતા હતા. તેમનું પાંચ વર્ષ પહેલા અવસાન થયું હતું. યોગેશ બે ભાઈમાં નાનો ભાઈ હતો અને હાલમાં મજુરી કામ કરી રહ્યો હતો.

ઉનામાં અત્યાચારને લઈને ઘણા યુવાનોએ બનાવના વિરોધમાં આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગુજરાતભરમાં આશરે ૩૦ જેટલા દલિત યુવાનોએ ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે, મોટાભાગના યુવાનોને બચાવી લેવામાં આવ્યા છે. ગોંડલમાં પાંચ યુવાનોએ ઝેરી દવા ગટગટાવી હતી.

ધોરાજીમાં ત્રણ યુવાનોએ ઝેરી દવા પીધી હતી જે પૈકી યોગેશ પણ એક હતો. સૌરાષ્ટ્રભરમાંથી ૩૦ વધુ યુવાનોન્એ ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેના મોતથી પરિવારમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. સાથેસાથે સમાજમાં પણ નારાજગીનું મોજુ છે.

## રાજ્યમાં વિવિધ ભાગોમાં વરસાદ


### સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં નોંધપાત્ર વરસાદ થયો : ઉત્તર ગુજરાતના મહેસાણા, ઉંઝામાં મૂશળધાર વરસાદ ઘણી જગ્યાઓએ પાણી ભરાયા

અમદાવાદ,તા. ૩૧

ગુજરાતના સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત સહિત જુદા જુદા ભાગોમાં આજે પણ ધોધમાર વરસાદ જારી રહ્યો હતો. રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ થયો છે. વાપીમાં છ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રના ભાવનગર, રાજકોટમાં પણ ધોધમાર વરસાદ થયો છે. ધોરાજીમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. બીજી બાજુ સૌરાષ્ટ્રના જુનાગઢમાં બે કલાકના ગાળામાં જ ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો છે. દિવાલ પડતા બસ અને રિક્ષા દટાઈ ગયા હતા જેમાં એકનું મોત થયું છે. અન્ય ત્રણ લોકોને નાની મોટી ઈજાઓ થઈ છે. આજે વહેલી સવારથી જ જુનાગઢમાં વરસાદની શરૂઆત થઈ હતી. કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ

● અનુસંધાન પાન-૭ પર


HOT SPOT in HOT SEASON for FAMILY PICNIC




નિરવતાનો રવ...
bansari Greens

Special Discount Packages for two Persons*
2 Night Stay @ Rs. 8,500+Tax (Monday to Friday) (Except Festivals)
2 Night Stay @ Rs. 9,500+Tax (Saturday-Sunday & Holidays)
Offer Includes Lunch - Hi-tea - Dinner & Morning Breakfast.
We also offer indoor - outdoor Games & Swimming.
* conditions apply

For Booking Call
Ashish Soni : 70690 96551
Biren Shrimali : 99249 31224
Hiren Mehta : 70690 96550

Nr. Grambharti, Gandhinagar-Mahudi Road, At. Aluva, Dist. Gandhinagar.
e-mail : info@bansarigreensresort.com, www.bansarigreensresort.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



D'DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
SPRINGFIT

• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151

Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651